ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# જિલ્લામાંથી સ્વાઈન ફલુના વધુ ૪ દર્દી મળી આવ્યા

**જિલ્લાના દર્દીઓની સંખ્યા ૨૪ પર પહોંચી : ગાંધીનગર સિવિલમાં ૬ દર્દી હાલ સારવાર હેઠળ**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફલુના આજે ૪ કેસ પોઝીટીવ આવતાં આરોગ્યતંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે. આ ૪ દર્દી સાથે જિલ્લામાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા વધીને ૨૪ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે ૩ દર્દી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. જ્યારે એક દર્દીને ગાંધીનગર-અમદાવાદ માર્ગ પરની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયેલ છે.

આ ચારે દર્દીમાં ત્રણ ગાંધીનગર તાલુકાના છે અને એક દર્દી કલોલ તાલુકામાંથી મળી આવ્યા છે. ચારેય દર્દીની સ્થિતિ સ્ટેબલ હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફલુના વધતા જતા કેસોને લઈ તંત્રમાં પણ ચિંતાની લાગણી ઉભી થવા પામી છે.

મળતી વિગતો મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જે ત્રણ દર્દી દાખલ કરાયા છે તેમાં બે પુરૂષ અને એક મહિલા દર્દી છે. બે દર્દી એકજ પરિવારના હોવાનું પણ જાણવા મળેલ છે.

આ ઉપરાંત કલોલ તાલુકાના બાલવા ગામેથી સ્વાઈન ફલુનો એક પોઝીટીવ કેસ મળેલ છે જેને સારવાર માટે ગાંધીનગર-અમદાવાદ માર્ગ પરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જિલ્લામાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા ૨૪ થઈ છે જ્યારે મૃત્યુ પામનાર દર્દીની સંખ્યા ૬ છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હાલ ૬ દર્દી સારવાર હેઠળ છે. જેમની તબિયત સ્થિર હોવાનું સિવિલના તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

# સ્ટેટ કો ઓપરેટીવ હાઉસીંગ ફાઈનાન્સ કોર્પો.ના ચેરમેન તરીકે વાડીભાઈ પટેલ

ગાંધીનગર તા ૧

ધી ગુજરાત સ્ટેટ કો ઓપરેટીવ હાઉસીંગ ફાઈનાન્સ



કોર્પોરેશન લી ના ચેરમેન તેમજ વાઈસ ચેરમેનની ચુંટણી યોજાઈ હતી. ડેપ્યુટી કલેકટર જે બી દેસાઈની હાજરીમાં યોજાયેલી આ ચુંટણી પ્રક્રીયાના અંતે ફાઈનાન્સ કોર્પોરેશનના ચેરમેન તરીકે વાડીભાઈ પટેલ, વાઈસ ચેરમેન તરીકે નિલેશ સોલંકી સર્વાનુમતે બિનહરીફ ચુંટાઈ આવ્યા છે. આ પદાધિકારીઓની ગત ટર્મની વિકાસલક્ષી કામગીરીને ધ્યાને લઈ સંસ્થાના બોર્ડ ઓફ ડિરેકટર્સ તરફથી તેમને બિરદાવી પુન : નિયુક્તિ કરવામાં આવી છે. ચેરમેનપદે વાડીભાઈ પટેલ સહીતના અન્ય હોદેદારોની પુન : નિયુક્તિ થવા બદલ બોર્ડ ઓફ ડિરેકટર્સ તથા સંસ્થાના કર્મચારીઓએ અભિનંદન પાઠવ્યા છે.

જિલ્લા ભાજપના અગ્રણી શ્રી વાડીભાઈ પટેલે રાજ્ય સરકારના સહકાર મંત્રી તરીકે સફળતાપૂર્વક સેવાઓ આપી છે. આ ઉપરાંત વિધાનસભા પક્ષના દંડક અને જિલ્લા પંચાયતના શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે પણ તેમની સેવાઓ નોંધપાત્ર રહી છે. સરઢવ ગ્રામ વિકાસ મંડળ અને સરઢવ કેળવણી મંડળમાં મહત્વનું યોગદાન આપી રહ્યા છે.

# ગાંધી શિક્ષણદર્શન : આજ અને આવતીકાલ પર જીસીઆરટીમાં યોજાયુ છે અદ્‌ભુત પ્રદર્શન



**દહેગામની બારડોલી બારિયા નાનીના પ્રાથમિક શાળાના શિક્ષકે ગાંધી શિક્ષણમાં અહિંસા ક્યારે શીખ્યા તેને લઈ બનાવેલી શોર્ટ ફિલ્મ અદ્‌ભુત છે : ૯૦ શિક્ષકોએ આ વિષય પર સંશોધન પેપર તૈયાર કરી આ પ્રદર્શનમાં પ્રેઝન્ટેશન પણ કર્યુ : ભોજક પરિવારે તૈયાર કરેલી ફિલ્મ, કિયોસ્ક સહિત ઘણી બધી બાબતો પ્રદર્શનમાં માણવા લાયક છે**

ગાંધીનગર, તા. ૧

ગાંધી જયંતિની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીનો ઉત્સાહ ગુજરાતવાસીઓમાં હોય એ સ્વાભાવિક છે અને તેમાં પણ શિક્ષણ વિભાગે ગાંધીનું શિક્ષણ દર્શન : આજ અને આવતીકાલ વિષયને લઈ ગાંધીનગર સે. ૧૨ સ્થિત જીસીઆરટી ભવનમાં એક અદ્‌ભુત પ્રદર્શન યોજવામાં આવ્યું છે.

ગાંધી એક અધ્યયનને લઈ આ પ્રદર્શનીનું અદ્‌ભુત આયોજન છે પણ તેમાંય અદ્‌ભુત વાત એ જાણવા મળી કે અકસ્માતમાં ગંભીર ઈજાઓ પહોંચ્યા પછી ૨॥ વર્ષથી કપાત રજા પરની શિક્ષિકા રેશ્મા ભોજક અને તેના પતિ જય ભોજકે ગાંધીના ૧૨ વર્ષ અને ૧૫ વર્ષના શિક્ષણ પર એક ટુંકી છતાં હૃદયસ્પર્શી એનીમેશન ફિલ્મ બનાવી છે.

જય ભોજક ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાની બારડોલી બારિયા નાની પ્રાથમિક શાળા નં. ૨માં મદદનીશ શિક્ષક તરીકે ફરજો બજાવે છે જ્યારે તેની પત્ની રેશ્મા ચાંપાનેરી (ભોજક) એ વડજ પ્રા. શાળા, તા. ડભોઈ, જિ. વડોદરામાં ફરજો બજાવે છે.

તેમને થયેલા ગંભીર અકસ્માત પછી આ દંપત્તિમાંથી પત્ની કપાત પગારે હાલ રજા પર છે. બદલી માટે અનેકવિધ રજુઆતો પણ સંવેદનશીલ સરકારે ધ્યાને લીધી નથી એટલુ જ નહિ ત્રણ-ત્રણ વાર મેડીકલ બોર્ડના સર્ટિફિકેટ પછી પણ તેની વાત સંવેદનશીલ સરકારને સ્પર્શી નથી.

ખેર વાત એ નથી કરવી પણ આ દંપત્તિએ પાંચ મિનિટની

● અનુસંધાન પાન-૭ પર

# જુના સેકટરોમાં ગટરની સમસ્યાને ડામવા લાઈન અપગ્રેડ કરવામાં આવશે

**સે-૨૪,૨૫ અને સે -૨૭ માં ગટર લાઇન નવી નાંખવામાં આવશે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાઇ**

ગાંધીનગર તા ૧

શહેરમાં સે-૨૪ , ૨૫ અને સે-૨૭ માં ગટર લાઈનને અપગ્રેડ કરવાનુ કામ હાથ ધરાશે. વર્ષો જુની ગટર લાઈન સેકટરની વસતી અને વિકાસ મુજબ પર્યાપ્ત ન હોવાથી રોજબરોજ ગટરો ઉભરાવવા સહીત અનેક સમસ્યાઓ ઉદભવે છે. જયારે આ સ્થિતિને નિવારવા તંત્ર દ્વારા ગટર લાઈનને અપગ્રેડ કરવા માટે કામ હાથ ધરવામાં આવશે. આ અન્વયે તંત્રએ ટેન્ડર પ્રક્રીયા પણ પુર્ણ કરી દીધી છે. ગટર લાઈનની કામગીરી પાછળ રૂ ૧ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

શહેરના સેકટરોમાં ગટરો ઉભરાવાની સમસ્યા શિરદર્દ સમાન બની છે. શહેરના સેકટરોમાં દાયકાઓ જુની ગટર લાઈનને પણ અપગ્રેડ કરવા માંગ ઉઠવા પામી છે. શહેર અસ્તિત્વમાં આવ્યા બાદ સેકટરોમાં ગટરલાઈનનુ કામ હાથ ધરાયુ હતુ. જયારે ત્યારબાદ સેકટરોના વિકાસ અને વસતી મુજબ ગટરલાઈન અપગ્રેડ કરવામાં ન આવતા હાલ સેકટરોમાં ગટરો ઉભરાવવા સહીત અનેક પ્રશ્નો ઉઠવા પામે છે. જુના સેકટરોમાં પણ છાશવારે ગટરોનુ દુષિત પાણી સોસાયટીમાં ફરી વળતુ હોવાનો આક્રોશ સ્થાનિકોમાં

● અનુસંધાન પાન-૭ પર

# ભર ભાદરવે આકરો ઉનાળો

**મહત્તમ તાપમાન વિક્રમજનક ૩૭ ડિ.સે. પહોંચ્યુ : વસાહતીઓ ભાદરવાનો આકરો તાપ સહી રહ્યા છે**

ગાંધીનગર, તા. ૧

ભાદરવો આકરો તાપ વરસાવી રહ્યો છે. મહત્તમ તાપમાન વિક્રમજનક ૩૭ ડિ.સે. સુધી પહોંચતા વસાહતીઓ ઉનાળાનો અહેસાસ કરી રહ્યા છે. આકરી ગરમીથી વસાહતીઓ હેરાન પરેશાન થઈ ચુક્યા છે.

ગાંધીનગર સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં આ વર્ષે વરસાદ ઓછો પડ્યો છે. વરસાદ ઓછો પડતાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઓછુ છે. આવા સમયે ભાદરવામાં પડી રહેલો તડકો આકરો લાગી રહ્યો છે. ગયા અઠવાડિયે વરસાદી વાતાવરણ રહ્યા બાદ છેલ્લા પાંચ-છ દિવસથી આકરો તડકો પડી રહ્યો છે. આકાશમાં વાદળોનું નામોનિશાન જોવા મળી રહ્યુ નથી એથી તડકો આકરો લાગી રહ્યો છે. વહેલી સવારથી જ તડકો આકરો બની જાય છે. જે બપોરે વધુ આકરો બને છે. ઉનાળો હોય તેવી ગરમી તડકાના કારણે લાગી રહી છે. વસાહતીઓ પરસેવે રેબઝેબ થઈ રહ્યા છે. બપોરે તો એટલો આકરો તડકો પડે છે કે ઘરની બહાર નીકળવુ મુશ્કેલ બની જાય છે. ઘરના બારી-બારણા બંધ રાખવા પડે તેવી ગરમી લાગે છે.

ગરમીનુ પ્રમાણ છેલ્લા બે-ત્રણ દિવસથી વધી રહ્યુ છે. ગઈકાલે મહત્તમ તાપમાન ૩૬.૮ ડિ.સે. રહ્યા બાદ તે આજે ૩૭ ડિ.સે. સુધી પહોંચી જતાં ભર ઉનાળાનો અહેસાસ થઈ રહ્યો છે. એ.સી. ફરી ચાલુ કરવા પડ્યા છે. રાત્રે પણ લઘુત્તમ તાપમાન ૨૧.૫ ડિ.સે. જેટલુ ઉંચુ નોંધાતા રાત્રે પણ એસી કરવા પડે છે. ભાદરવામાં આટલુ ઉંચુ તાપમાન વિક્રમજનક છે. આ વર્ષે ચોમાસુ નબળુ રહ્યુ હોવાથી તાપમાન ઉંચુ રહે છે તેવો નિષ્ણાતોનો મત છે. હજુ આગામી બે-ત્રણ દિવસ આવી જ ગરમી પડવાની સંભાવના છે.

# પેથાપુર પાલિકાના પ્રમુખપદની ચૂંટણી પર હાઈકોર્ટનો મનાઈ હુકમ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાની પેથાપુર ન.પા.ના રોટેશનમાં કરાયેલ રાતોરાત ફેરફારને લઈ ઉભા થયેલા કાનૂની વિવાદમાં આજે રાજ્યની વડી અદાલત દ્વારા ૮ દિવસ માટે મનાઈ હુકમ આપવામાં આવ્યો છે. જેનો પગલે આજે મળનારી સામાન્ય સભા મુલ્તવી રાખવામાં આવી હતી.

આજે બે તબક્કે વડી અદાલતમાં આ અંગે સુનાવણીને અંતે વડી અદાલતે ૮ દિવસનો મનાઈ હુકમ ફરમાવ્યો છે.

જો કે આજે પેથાપુર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા સરકારના નિર્ણય સામે વિરોધ પ્રદર્શન પણ કરવામાં આવ્યુ હતુ. જેમાં જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભી, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન એસ.એન. પરમાર, પૂર્વ ચેરમેન શિક્ષણ સમિતિ ગીતાબેન પટેલ તેમજ કાર્યકરો મોટી સંખ્યામાં આ વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા.

પેથાપુર ન.પા.માં હાલ ભાજપ પાસે સત્તા છે એટલુ જ નહિ સ્પષ્ટ બહુમતિ પણ છે પરંતુ તેમના ચૂંટાયેલા સભ્યોમાં એસ.સી. સભ્ય નથી. આથી સત્તા કોંગ્રેસ પાસે જઈ રહી છે.

# ગાંધીનગર આરટીઓમાં એક્કો ૯.૧૪ લાખમાં વેચાયો

**નવી સિરીઝ બી.કે. માટે વાહન માલિકે ૧ નંબર ૯.૧૪ લાખમાં ખરીદ્યો**

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના નાગરીકોમાં વાહનના લકી નંબરનો જબરજસ્ત ક્રેઝ જોવા મળે છે. વાહન કરતા પણ વધુ રૂપીયા નંબર પાછળ ખર્ચ કરતા નગરજનો અચકાતા નથી. ત્યારે આરટીઓ તંત્ર પણ ખાસ





નંબરોની હરાજી કરીને લાખો રૂપીયાનો ફાયદો કરે છે. આજથી શહેરમાં નવી સિરીઝ બી.કે. માટે આરટીઓ તંત્રએ હરાજી કરી હતી. જેમાં ગાડીમાં ૧ નંબર માટે વાહન માલિકે ૯.૪૧ લાખ રૂપીયાની બોલી લગાવી હતી. આ ઈઓકસનથી કરવામાં આવેલી હરાજીમાં ૨૦૭ વાહન માલિકો જોડાયા હતા. જેમાં ૦૦૦૭ નંબર ૧.૧૫ લાખમાં જયારે ૯૯૯ નંબર ૮૮ હજારમાં વેચાયો હતો.

પસંદગીના નંબરોનો વધતો ક્રેઝ નો લાભ ઉઠાવવા માટે આરટીઓ વિભાગે ઈઓકસન કરવાનું નક્કી કર્યુ છે. જેમાં પસંદગીના નંબર માટે વાહન માલિકો વચ્ચે ઓનલાઈન હરાજી થાય છે. જેમાં બે વાહન માલિક વધારે રકમની બોલી ઓનલાઈન કરે તેને તે નંબર ફળવાય છે. આજે આરટીઓએ ફોર વ્હીલરની નવી સીરીઝ બી.કે.ઈઓકસન કર્યુ હતું. જેમાં વિવિધ પસંદગીના નંબરો માટે કુલ ૨૦૭ વાહન માલિકોએ ભાગ લીધો હતો. આ તમામમાં કારનો ૧ નંબર ૯.૧૪ લાખમાં ગયો હતો. જયારે ૦૦૦૭ નંબર રૂ.૧.૧૫ લાખમાં અને ૧૮૧૮ નંબર રૂ.૧.૦૫ લાખમાં વેચાયો હતો. આ ઉપરાંત ૦૯૯૯ નંબર ૮૮ હજારમાં,જયારે ૦૩૦૩ નંબર ૫૧ હજારમાં, તેમજ ૫૫૫૫ નંબર ૪૨ હજારમાં વેચાયો હતો. જયારે ૩૦૦૩ નંબર ૩૬ હજારમાં, ૦૦૧૮ નંબર ૩૧ હજારમાં, ૧૧૧૧ નંબર ૨૭ હજારમાં વેચાયો હતો. આ ઉપરાંત ૭૭૭૭, ૦૭૭૭,૩૩૩૩, ૦૧૧૧, નંબર ૨૫ હજારમાં વેચાયા હતા.

# શહેરમાં આવતીકાલથી દબાણો દુર કરાશે

ગાંધીનગર તા ૧

શેહરમાં રહેણાંક વિસ્તારમાં કોર્મશિયલ પ્રવૃતિને ડામવા માટે દુકાનો સીલ કરવા સુધીના કડક પગલા લેવામાં આવી રહ્યા છે.જયારે પાકા દબાણો પર બુલડોઝર ફેરવી ખાતમો કરવામાં આવી રહ્યો છે. જયારે આ સ્થિતિ વચ્ચે સેકટરોમાં પાર્કીંગ પ્લેસ સહીત માર્ગો આસાપસ લારી ગલ્લાના દબાણો પાછા ગોઠવાઈ ગયા છે. સેકટરોમાં પણ ઝુંપડા વધી રહ્યા છે. તંત્ર દ્વારા આજે આ મામલે દબાણકર્તાઓને સ્વેચ્છાએ દબાણ દુર કરવા સુચના આપવામાં આવી હતી. જયારે આવતીકાલથી શહેરમાં લારી ગલ્લા સહીત ઝુંપડાના દબાણો દુર કરવા માટે કાર્યવાહી હાથ ધરાશે.

ગાંધીનગરમાં દબાણ હટાવો ઝુંબેશ અન્વયે પ્રથમ તબક્કામાં સેકટરોમાં તેમજ પાર્કીંગ વિસ્તારમાં પથરાયેલા દબાણો દુર કરવામાં આવ્યા હતા. પાર્કીંગમાં ખડકાઈ જતા લારી ગલ્લા તેમજ સેકટરોમાં ઠેર ઠેર જોવા મળતા લારી ગલ્લાના દબાણો દુર કરી તંત્રએ નગરને જાણે દબાણમુક્ત કરી દીધુ હોવાના અહેવાલો પણ પ્રસિધ્ધ થતા હતા. પરંતુ લારી ગલ્લા અને પાર્કીંગના દબાણો પરથી જેવી તંત્રની નઝર હટતા હેતુફેર તેમજ પાકા દબાણોનો ખાતમો કરવાના કામે લાગેલી તંત્રની ટીમની નઝર સામે જ લારી ગલ્લા સહીતના દબાણો યથાસ્થાને ગોઠવાઈ ગયા હતા. સેકટરોને દબાણમુકત કરવા અગાઉ પણ અનેકવાર દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. પરંતુ નિયત સમયના અંતે દબાણો જૈસે થૈ ની સ્થિતિમાં આવી જાય છે. જેના લીધે દબાણ હટાવ ઝુંબેશનો કોઈ હેતુ સરતો નથી. દબાણો યથાવત ગોઠવાઈ જતા શહેરના કોર્મશિયલ વિસ્તારમાં પણ અનેકવિધ સમસ્યાઓ ધ્યાને આવી રહી છે. પાર્કીંગ પ્લેસ પર લારી ગલ્લા ગોઠવાતા ટ્રાફિકની રહ્યા છે જેના લીધે ગંદકી અને રખડતા ઢોર સહીતની સમસ્યા વધુ પેચીદી બની છે. આવા સંજોગોમાં દબાણો દુર કરવા માટે મેનપાવર અને મશીનરી સાથે ગલ્લાના દબાણો કાર અને રીક્ષામાં ફેરવાઈ ગયા છે.

જયારે સેકટરોમાં ઝુંપડાવાસીઓ પણ ડેરો જમાવી બેઠા છે. આ સ્થિતિને ધ્યાને લઈ

**લારી ગલ્લા અને ઝુંપડાના દબાણો હટાવાશે : સેક્ટરોમાં લારી ગલ્લા પાછા યથાસ્થાને ગોઠવાઇ ગયા : સેક્ટરોમા ઝુંપડાનુ દબાણ પણ વધ્યુ : તંત્ર ઝુંબેશ હાથ ધરશે**

અવરજવર વચ્ચે પાર્કીંગ સેન્સ પણ પ્રભાવિત થાય છે. જયારે માર્ગ સલામતીની દ્રષ્ટીએ પણ અનેક પ્રશ્નો મંડરાય છે. સેકટરોના મુખ્યમાર્ગો પર વધતા દબાણોની સાથે હવે સેકટરોના આંતરિક માર્ગો પર પણ દબાણોની કતાર જોવા મળે છે. લારી ગલ્લા ખુલ્લામાં જગ્યા મળે ત્યાં ગોઠવાઈ જાય છે. સેકટરોમાં ઠેર ઠેર ઝુંપડાના દબાણો પણ વધી રહી છે. કેટલાક કિસ્સામાં લારી ત્રાટકતા તંત્રની ઝુંબેશ વારંવાર નાટકીય પુરવાર થતી હોવાનુ સ્પષ્ટ થયુ છે દબાણો કાયમી રીતે દુર થાય તેવી કોઈ વ્યવસ્થા ગોઠવાતી નથી. અગાઉ શહેરને દબાણમુક્ત કરવાના અભિયાન અન્વયે જ લારી ગલ્લા સહીત પાર્કીંગ પ્લેસ પરથી પણ નાના મોટા દબાણો દુર કરાયા હતા.પરંતુ હાલ શહેરમાં દબાણોની ભરમાર જોવા મળી રહી છે. તંત્ર દ્વારા આગામી બુધવારથી શહેરમાં ફરી લારી ગલ્લા તેમજ ઝુંપડાના દબાણો દુર કરવા માટે અભિયાન હાથ ધરાશે. આજે તંત્રની દબાણ ટીમ દ્વારા સે-૨૩, ૨૫ અને સે-૬ માં ઝુંપડાઓ દુર કરવા માટે સુચના આપી દેવામાં આવી છે. આ દરમિયાન તંત્ર દ્વારા લારી ગલ્લા તેમજ ઝુંપડા દુર કરવા માટે અભિયાન હાથ ધરાશે.

# શહેરમાં સ્ટોર્મ વોટર લાઈન નાંખવાનુ કામ શરૂ : ૩૮ કરોડનો ખર્ચ કરાશે

**માર્ગ નં - ૭ પરથી કામ શરૂ કરાયુ : સેકટરોના રીંગ રોડને પણ આવરી લેવાશે : ચોમાસામાં વરસાદી પાણીના ભરાવાની સમસ્યાનો હલ થશે : કામ પુર્ણ થતા બે વર્ષ જેટલો સમય લાગશે**

ગાંધીનગર તા ૧

શહેરમાં દાયકાઓથી સ્ટોર્મ વોટર લાઈનનુ કામ થઈ શકયુ નથી. અગાઉ બે વાર રીવાઈઝ દરખાસ્તનુ પણ સુરસુરીયુ થઈ ગયા બાદ આખરે ગાંધીનગરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ થયા બાદ સ્ટોર્મ વોટર લાઈન નાંખવાનુ કામ આરંભી દેવાયુ છે. હાલ રોડ નં - ૭ માં સ્ટોર્મ વોટર લાઈન નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે શહેરના સેકટરોમાં રીંગ રોડ પર સ્ટોર્મ વોટર લાઈન નાંખવા માટે પણ આયોજન કરાયુ છે. આ કાર્યયોજના પાછળ રૂ ૩૮ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

શહેરમાં પાંચ દાયકાઓના અંતે પણ વરસાદી પાણીના નિકાલની લાઈનનુ કામ થઈ શક્યુ નથી. શહેરના ૩૦ પૈકી ૭ જેટલા સેકટરો તેમજ મુખ્ય માર્ગો પર સ્ટોર્મ વોટર લાઈન છે .જયારે અન્ય વિસ્તારમાં સ્ટોર્મ વોટર લાઈનના મામલે અગાઉ પાટનગર યોજના વિભાગ કક્ષાએથી બે વાર

● અનુસંધાન પાન-૭ પર

**મશીનથી મફત તપાસ**

વજન ઓછુ હોય અથવા વધુ હોય, ઢીંચણ અને ઘુંટણનો ઘસારો હોય, સ્કીન પ્રોબ્લેમ હોય તો તપાસ મફત કરાવી (ફેટ, કેલ્શિયમ) દવા નહી પરંતુ ફુડથી રાહત મેળવો. બાળકો માટે પૌષ્ટિક ખોરાક મળશે.

મો. ૮૧૫૫૯૪૮૫૦૬

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com